ઈ-મેઈલ

"કલામૃતમ-૨૦૨૧"

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૧/૧૧૩૪
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૧૮/૦૫/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : ઓનલાઈન સમરકેમ્પ 'કલામૃતમ-૨૦૨૧' બાબત.

સંદર્ભ : કુલસચિવશ્રી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના પત્રાંક: ૨૦૨૧/૧૧૦૫, તા.૧૮/૫/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા કોરોના સમયમાં બાળકોને અનોખી ઊર્જા અને આનંદ પ્રદાન કરતો પાંચ દિવસનો ઓનલાઈન સમર કેમ્પ 'કલામૃતમ-૨૦૨૧' નું આયોજન તા.૨૧/૦૫/૨૦૨૧ થી તા.૨૫/૦૫/૨૦૨૧ સુધી દરરોજ સાંજે ૫.00 થી ૬.30 દરમિયાન કરવામાં આવ્યું છે. જે અંગેની સૂચનાઓ નીચે મુજબ છે.

- આ સમર કેમ્પ નિ:શુલ્ક છે.
- ભાગ લેનાર પ્રત્યેક બાળકને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું પ્રમાણપત્ર સોફ્ટ કોપીમાં મળશે.
- સમર કેમ્પમાં ભાગ લેવા માટે ગૂગલ ફોર્મ લિંક https://forms.gle/BuKE6nmn4rTZu1pag પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. લિંક ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકેલ છે.
- ભાગ લેનાર વિદ્યાર્થીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની યુટ્યૂબ ચેનલ Childrens' University Gandhinagar પર ઓનલાઈન જોડાવાનું રહેશે.

આ સમર કેમ્પ અંગેની વધુ વિગતો સંદર્ભદર્શિત પત્રમાં જણાવેલ છે. તો આપના જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ ઓનલાઈન સમર કેમ્પમાં જોડાય તે મુજબની સૂચના આપના તાબા હેઠળની તમામ મા. અને ઉ.મા. શાળાઓને આપવા જણાવવામાં આવે છે.

(આ સમર કેમ્પમાં ધો. ૯ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે)

બિડાણ: સંદર્ભદર્શિત પત્ર

(મહેશ મહેતા)
નાયબ શિક્ષણ નિયામક
મહેકમ
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના :

-માન. નિયામકશ્રીના અંગત મદદનીશશ્રી, સદર કચેરી. (માન. નિયામકશ્રીના ધ્યાને મૂકવા સારૂ)

Scanned by CamScanner

Children's University
તેજસ્વી બાલક : તેજસ્વી ભારત

પ્રત્યેક બાળક મહત્ત્વનું છે

# ॥ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ॥

કુલસચિવ

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, છ-૫ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સર્કલની નજીક, સેક્ટર-૨૦,
ગાંધીનગર-૩૮૨૦૨૧. ફોન : ૦૭૯-૨૩૨૪૪૫૬૯, ૨૩૨૪૪૫૭૬
E-mail : rcu.gujarat@gmail.com Website : www.cugujarat.ac.in

ચિ.યુ./પત્ર/૨૦૨૧/૧૧૦૫ તા.૧૯/૫/૨૦૨૧

પ્રતિ,
માધ્યમિક શિક્ષણ નિયામકશ્રી,
સ્કૂલ ઓફ કમિશનરશ્રીની કચેરી
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

**વિષય : ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા યોજનાર ઑનલાઈન સમર કેમ્પ 'ક્લામૃતમ્ - ૨૦૨૧' માટે ગુજરાતની તમામ શાળાઓને જોડવા બાબત**

માનનીય સાહેબશ્રી,
આપની કુશળતા પ્રાર્થું છું

સવિનય, ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગરના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા કોરોના સમયમાં બાળકોને અનોખી ઊર્જા અને અનોખો આનંદ પ્રદાન કરતો પાંચ દિવસનો ઑનલાઈન સમર કેમ્પ **'ક્લામૃતમ્ - ૨૦૨૧'**નું આયોજન તા. ૨૧/૦૫/૨૦૨૧ થી ૨૫/૦૫/૨૦૨૧ સુધી કરવામાં આવ્યું છે. કોરોના જેવી મહામારીના સમયમાં વિદ્યાનિકેતન વિભાગ દ્વારા ગુજરાતનાં બાળકો ચિંતામુક્ત બની પોતાની નૈસર્ગિક કલાઓને ઉજાગર કરી શકે અને આનંદ ઉલ્લાસ સાથે ગીત સંગીત, ટોય મેકિંગ, ચિત્રકામ, રમત ગમત અને હાસ્ય મસ્તી દ્વારા પોતાની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી શકે તે માટે ઑનલાઈન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

અમારી આપને નમ્ર પ્રાર્થના છે કે કોરોનાના તણાવયુક્ત વાતાવરણમાંથી બાળકોને અને તેમના પરિવારોને હળવા અને આનંદિત બનાવી દેવાના આ સર્જનાત્મક સમર કેમ્પ : 'ક્લામૃતમ્ – ૨૦૨૧' માં ગુજરાતની તમામ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ ઑનલાઈન સમર કેમ્પમાં જોડાય તે માટે આપના તરફથી દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને સત્વરે જાણ કરી ગુજરાતનાં તમામ બાળકોને આ સમર કેમ્પથી લાભાન્વિત કરવા આપની કક્ષાએથી જરૂરી આદેશો કરવા નમ્ર વિનંતી.

- કોરોનાની મહામારીમાં બાળકોના મનોજગતને સ્વસ્થ રાખવાના યજ્ઞીય કાર્યમાં આપનો સિંહ ફાળો મળશે એવી અભિલાષા સહ..

આપનો આભારી,

ડૉ. અશોક પ્રજાપતિ
કુલસચિવ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
ગાંધીનગર

અમરસિંહ ડાભા,
DS
રાજ્યની તમામ શાળાઓને
પરિપત્ર કરીશો.
૧૯/૫/૨૧

Scanned by CamScanner

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## વિદ્યાનિકેતન વિભાગ આયોજિત

## કોરોના સમયમાં બાળકોને અનોખી ઊર્જા પ્રદાન કરતો ઑનલાઈન સમર કેમ્પ

# કલામૃતમ્ - ૨૦૨૧

દિનાંક : ૨૧/૦૫/૨૦૨૧ થી ૨૫/૦૫/૨૦૨૧ સુધી.

સમય : સાંજે ૦૫:૦૦ કલાક થી ૦૬:૩૦ કલાક સુધી

- દિવસ - ૧ ગીત-સંગીત
- દિવસ - ૨ રમકડાં સર્જન
- દિવસ - ૩ ચિત્રકામ
- દિવસ - ૪ રમત-ગમત
- દિવસ - ૫ હાસ્ય દરબાર





૯૪૨૯૨૯૭૭૩૭

https://forms.gle/BuKE6nmn4rTZu1pa9

YouTube Live Childrens University Gandhinagar

**:: અધ્યક્ષશ્રી ::**

મા. શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા

મા. શિક્ષણમંત્રીશ્રી

ગુજરાત રાજ્ય

**:: માર્ગદર્શક ::**

પ્રો. રણજિતસિંહ પવાર

ડાઇરેક્ટરશ્રી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

**:: આયોજક ::**

ડૉ. કૃણાલ પંચાલ (અધ્યક્ષ)

અને વિદ્યાનિકેતન પરીવાર

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

**:: પ્રેરણાસ્રોત ::**

શ્રી હર્ષદ પ્ર. શાહ (કુલપતિશ્રી)

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

ડૉ. અશોક એન. પ્રજાપતિ (રજિસ્ટ્રારશ્રી)

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

Scanned by CamScanner

જા.ન/મા-૨/સમરકેમ્પ/૨૦૨૧/6567
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩, જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા.૨૦/૦૫/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી/સંચાલકશ્રી,
સુરત જિલ્લાની સરકારી/બિનસરકારી અનુદાનિત ખાનગી,પ્રાથમિક,માધ્યમિક/ઉ.મા. શાળાઓ તરફ,
૨/-ઉક્ત પત્રથી જાણ તથા કાર્યવાહી કરવા સારું.

વહીવટી અધિકારી,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
સુરત,જિલ્લો-સુરત